દહેગામ સિટિ સર્વે કચેરીને સીલ કરતાં તાલુકા નગરમાં શંકા-કુશંકાની ચર્ચાઓ

દહેગામ, તા. ૫

દહેગામ સિટિ સર્વે કચેરીના મેન્ટેનન્સ સર્વેયર મનસુરી તાજેતરમાં રૂા. ૧૦,૦૦૦ની લાંચના સંદર્ભે એસીબી દ્વારા રંગે હાથ ઝડપાયા છે. અને સિટિસર્વે કચેરી દહેગામને શીલ મારી દેવામાં આવેલ છે. આ સીલ સમગ્ર દહેગામ શહેર અને તાલુકામાં શંકા-કુશંકાઓની ચર્ચાનો વિષય બન્યો છે. એક એવી ચર્ચા ઊઠી છે કે ભ્રષ્ટાચારને લગતાં પુરાવા કબ્જે કરી જરૂરી પગલાં ભરવા સારૂ સીલ મરાયું હોવાનું, તેમજ બીજી ચર્ચા મુજબ ભ્રષ્ટાચારને લગતાં રેકોર્ડ જો બહાર આવે તો જેમાં મોટા માથાઓ જાહેર થાય તેમ હોઈ આ પુરાવાઓને સગેવગે કરવા હાલ પુરતું સીલ મરાયું હોય તેવી ચર્ચા ઉઠવા પામી છે. એવું કહેવાય છે કે રિસ્વતમાં પકડાયેલ સર્વેયર સરકારશ્રીના જુદાજુદા વિભાગોના અમલદારો સાથે ખૂબ જ નજીકનો નાતો ધરાવતા હોઈ અને જેને લીધે ભીનું સંકેલાઈ જાય તેવી પણ લોક મુખે ચર્ચાઓ ઉઠવા પામી છે. વડી ભ્રષ્ટાચારમાં પકડાયેલા સર્વેયર જેઓ કેટલાંક વચોટિયાઓ રાખતાં હોવાની અને વચોટિયાઓ મારફતે દુકાનો તોડવાનો હાઉ ઉભો કરી ભય ફેલાવી ભ્રષ્ટાચારનું આચરણ કરી નાણાંની ભૂખ સંતોષવાના આવને જેમાં વચોટિયાઓને પણ મલાઈ મળતી હોવાની ઘણી વખતથી ચર્ચાઓ ચાલતી હતી.

વેપારીઓની દુકાનો તોડી નાંખવાની નામે હાઉ ભફો કરી વચોટીયા મારફતે મોટી રકમો

ઉઘરાવવામાં આવી હોવાનું અને આ વચોટીયાઓને પણ એસીબી દ્વારા તપાસ હાથ ધરી તેઓના નિવેદનો લઈ તેઓને ખુલ્લાં પાડવામાં આવે તેવું લોકો ઈચ્છે છે.

કેટલાંક બિલ્ડરોની દુકાનો વેચાતી ન હોઈ જેઓના સિટિસર્વે કચેરીના મેડાપીપણાથી દુકાનો તોડી રાતોરાત જેસીબી ફેરવી દેવાનો વ્યવસ્થિત રીતે હાઉ ઉભો કરી દબાણદાર વેપારીઓને ભયભીત કરી દેવાતાં જેઓ દ્વારા ભયના માર્યા શોપિંગ સેન્ટરોની દુકાનો બુકીંગ થઈ જાય તેવું એક વ્યવસ્થિત ષડયંત્ર ભ્રષ્ટ અમલદારોના મેડાપીપણામાં રચાયું હોય તેવું ચર્ચાઈ રહ્યું છે. આ પણ તપાસનો મુદ્દો બને છે.

દહેગામ ખાતે ઈંગ્લિશ મિડિયમ સ્કુલ તરફ જવાના રસ્તા ઉપર પ્રતિબંધીત રસ્તા પ્રકારની વેચાણ રાખી ન શકાયે તવી જમની સર્વેયર એક મડતીયા નજીકના એવા એક વકીલ દ્વારા રાખવામાં આવી હોવાનું અને આ પ્રતિબંધીત રસ્તા પ્રકારની જમીનનો વેચાણ દસ્તાવેજ બન્યો હોવાનું તેમજ એનએ અંગેની કાર્યવાહી ચાલતી હોવાની અને જેમાં મામલદાર કચેરીથી કલેકટર કચેરી સુધીના કેટલાક સંડોવાયેલા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

દહેગામમાં આવેલ સિટિ સર્વે નં. ૬૨૪ની જગ્યામાં વરસાદી પાણી જવાના કુદરતી નાળાના કેટલાક ભાગને નિયમીત કરી આપવા માટે સિટિસર્વે કચેરી દહેગામ દ્વારા વર્ષો પહેલાં થયેલી ભલામણ દરખાસ્ત સમયથી આ કચેરીનો ભ્રષ્ટાચાર ચર્ચાતો રહ્યો છે. અને સિટિસર્વે કચેરી દહેગામ ભ્રષ્ટાચારનો એક્કો હોવાની લોક મુખે જાહેર ચર્ચાઓ ચગેલી. જે સમગ્ર દહેગામ શહેર જાણે છે. સિટિસર્વે નં. ૬૨૪માં વરસાદી પાણી જવાના નાળાના મર્ગમાં મોટો પિલ્લરો ઉભા કરી જેનીઉપર ગેરકાયદેસરના દબાણો ઊભા કરાંતા જે સામે આ નાળું ખુલ્લુ કરાવવા અનેક ફરિયાદો ઉઠેલી જેને અંતે સરકારશ્રીના મહેસુલ વિભાગને નાળાના માર્ગમાં આવતા દબાણો દુર કરવા હુકમ કરવાની ફરજ પડેલી અને જે હુકમ હોવા છતાં આ રાજયમાં ન્યાણાંકીય તાકાત અનેભ્રષ્ટાચારના જોરે કોઈપણ કામ અશકય નહી હોવાનું અને અશકય કામ શકય બની જતું હોવાનું દહેગામ નગરે એક દાખલો બનેલો છે કે સરકારી પાણી જવાના નાળાનો ભાગ રાતોરાત વેચાઈ ગયો હોવાનું અને ગઈ ધારસભાની ચૂંટણીની આચારસંહિતા લાગુ પડતાં પહેલાં રાતોરાત આ જગ્યાના નાણાં રાત્રે સિટિસર્વે કચેરી ખુલ્લી રખાઈ અને લાખ્ખો રૂપિયાની લેવડદેવડ થઈ હોવાની અને જગ્યાની કિંમતો ભરાઈ ગઈ હોવાની ચર્ચાઓ ઉઠતી રહી છે. આ સમગ્ર કામગીરી માટે તાજેતરમાં રૂદ્રવતના કેસમાં રંગેહાથ ઝડપાઈ ગયેલા સર્વેયરે એક અગ્રણી દુકાનદારના મેડાપીપણામાં લાખ્ખો રૂપિયાની ખાયકી કરાઈ હોવાની ચર્ચાઓ ઉઠેલી છતાં પણ પણ ભ્રષ્ટ અમલદારો સાથેની ઉંચે સુધઈની પહોંચ હોઈ બધું જ હેમખેમ ચાલતું રહ્યું છે.

દહેગામ અને ગાંધીનગર કચેરીમાં એસીબીના હાથે રૂશ્વતખોરીમાં રંગેહાથ બે જણાં પકડાઈ ગયેલા અને લોકોએ ઉત્સાહમાં આવી દારૂખાનું પણ ફોડયું હતું. આ અમલદારોએ ભ્રષ્ટાચાર માજા મૂકી હોવાની બુમો ઉઠી હોવા છતાં ગાંધીનગરવાળા અમલદારો હેમખેમ કિમ જગ્યા ઉપર ગોઠવાઈ ગયા હોવાના સમાચારો જિલ્લામાં ચકચાર ફેલાયો છે. દહેગામની બનાવમાં ભીનું સંકેલાય નહીં તેવું લોકો ઈચ્છે છે.

(તસવીર : નિખિલ પંડ્યા, દહેગામ)

સેક્ટર-૧૭માં શ્રીમદ્ ભાગવત્ કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭માં આવેલ સરસ્વતી શિશુમંદિર જૂના એમ.એલ.એ. ક્વાર્ટર્સ ખાતે તા. ૬ થી ૧૨ મે ૨૦૧૩ના રોજ સવારે ૯.૩૦થી ૧.૦૦ કલાક સુધી શ્રીમદ્ ભાગવત સમાહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વક્તા તરીકે ભાણદેવજી સમાહનું રસપાન કરાવશે તેમ શ્રીમદ્ ભાગવત સમાહ સમિતિના સભ્ય કુમુદચંદ્ર ઠાકરે જણાવ્યું હતું.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની સામાન્ય સભા છઠ્ઠી મે એ યોજાશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની સામાન્ય સભા આગામી તારીખ ૬ઠ્ઠી મેના રોજ સાંજે ૫ કલાકે સેક્ટર-૨૧ , નયન એપાર્ટમેન્ટ ખાતે લવજીભઈ વાડિયાના અધ્યક્ષ સ્થાને યોજાયે, તો તમામ સભ્યોને ઉપસ્થિત રહેવ માટે સંસ્થાના મંત્રી રાજેન્દ્ર પારેખે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક મળી

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિના સભ્યોની એક મહત્વની બેઠક તાજેતરમાં પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં પેન્શનર્સ સમાજના કેટલાક પ્રશ્નો અંગે ચર્ચા - વિચારણા બાદ તેને મંજુર કરવામાં આવ્યા હતા.

આ કાર્યવાહ સમિતીની આ બેઠકમાં સે.૨ અને સે.૩ની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે અનુક્રમે જિતેન્દ્ર પુરોહિત અને પ્રવિણસિંહ રાઠોડની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી જ્યારે કો-ઓર્ડિનેટર તરીકે ડી. પી. સંઘાણીની વરણી કરવામાં આવી હતી. ઉપરાંત સંસ્થાની વેબસાઈટને બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. અંતે રમેશભાઈ દવેએ વાર્ષિક સરવૈયું રજૂ કર્યું હતું જેને સર્વ સંમતિથી મંજુર કરવામાં આવ્યું હતું.

દુ:ખદ અવસાન

ગાંધીનગર શહેરના સેક્ટર-૩ ન્યુ, ૬૫/૨ ખાતે રહેતા મહેન્દ્રભાઈ સોમાભાઈ પંડ્યા (પ્રેસ કોર્નરવાળા) ના પિતા સોમાભાઈ વશરામભાઈ પંડ્યાનું આજે સવારે દુ:ખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું આવતીકાલે તા. ૬ મે, ૨૦૧૩ને સોમવારના રોજ સવારે ૯ થી ૫ દરમિયાન તેઓનાં નિવાસસ્થાને રાખેલ છે.

સે.૧/બીમાં સપ્લાય થતું પાણી પોર્ટેબલ નથી : રહીશોની ફરિયાદ

તંત્રની ટીમ પાણીના નમૂના લઈ ગઈ પરંતુ ડબોળા પાણીની ફરિયાદ યથાવત

ગાંધીનગર, તા.૫

શહેરના પ્રવેશદ્વાર નજીક સ્થિત સે.૧બીમાં છેલ્લા પાંચ દિવસથી પીવાનું પાણી પોર્ટેબલ ન આવતું હોવાનો કકળાટ પ્રવર્ત્યો છે. પીવાના પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાતા સ્થાનિક રહીશોમાં રોગચાળાની દહેશત સર્જાઈ છે.

સે.૧બીમાં છેલ્લા પાંચ દિવસથી પીવાનું પાણી ગુણવત્તા વગરનું સપ્લાય થયું હોવાની બૂમરાણ ઊભી થવા પામી છે. સેક્ટરના અગ્રણીઓ પુરુષોતમ સુશીલ, તેમજ ડૉ. ગૌરાંગ થાનકીના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં સપ્લાય થતું પાણી પીવાલાયક નથી. જ્યારે પાણીમાં ગુણવત્તા ન જળવાયા સ્થાનિક રહીશો ગમે ત્યારે રોગચાળોનો ભોગ બને તેવી દહેશત છે. આ મામલે પાટનગર યોજના વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરવામાં આવતા તંત્રની ટીમ દ્વારા પાણીના નમૂના પણ લઈ જવામાં આવ્યા છે. આ તબક્કે પીવાનું શુદ્ધ પાણી આપવા પછી તંત્રના અધિકારીઓએ ખાતરી આપી હતી. પરંતુ પાંચ દિવસના અંતે પણ ડહોળા પાણીની સમસ્યા હજૂ યથાવત છે. ત્યારે આ મામલે તંત્રકક્ષાએથી ત્વરિત પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર એસ.પી. અને પી.આઈ.ને સિવિલ કોર્ટે નોટીસ ફટકારી

સિવિલ કોર્ટમાં કેસ ચાલતો હોવા છતાં બે પ્લોટોનો કબ્જો મેળવવા પોલીસ બંદોબસ્ત પુરો પાડવાનો હુકમ કરાયો હતો : ડી.એસ.પી અને દહેગામ પી.આઈ.૧૦મી એ હાજર થવા કોર્ટનું તેડું

ગાંધીનગર, તા. ૫

દહેગામ ઔદ્યોગિક વિસ્તારના બે પ્લોટના કબજા બાબતે ગાંધીનગર સિવિલ કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોવા છતાં ગાંધીનગર એસ.પી. એ તે બંને પ્લોટના કબ્જા મેળવવા માટે બંદોબસ્ત પુરો પાડવાનો હુકમ કરતાં ગાંધીનગર સિવિલ કોર્ટ ગાંધીનગર નોટીસ ફટકારી છે અને અરજીના આધાર પર આ કેસમાં પોલીસને પક્ષકાર તરકે કેમ દાખલ ન કરવા તેનો ખુલાસો આપવા તેમજ ૧૦મી મે ના રોજ કોર્ટ સમક્ષ એસ.પી. અને પી.આઈ.એ હાજર થવા ફટકારવામાં આવી છે.

જિલ્લાના દહેગામ વિસ્તારમાં રહેતા નિતાબેન ધીરજકુમાર પટેલ દહેગામના ઔદ્યોગિક વિસ્તારમાં સ્થિત બે પ્લોટોની માલિકી અને કબ્જો ધરાવે છે. આ મિલ્કત નિતાબેને વર્ષ-૨૦૦૯માં જીઆઈડીસી પાસેથી રજીસ્ટ્રર દસ્તાવેજ કરી ભાડા પટ્ટે લીધી હતી. વર્ષ-૨૦૦૬ થી આ પ્લોટનો કબ્જો અરજણભાઈ પટેલે ભાડા પટ્ટે ભોગવતાં હતા. આ પ્લોટની લોન ભરપાઈ નહીં થતા ટીબ્યુનલ દ્વારા જુદા જુદા હુમકો થયા હતા. જે અંતર્ગત આ પ્લોટની હજારી કરી દામિનીબેન પટેલને પ્લોટ વેચાણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ પ્લોટનો કબ્જો પડાવી લેવાનો પ્રયત્ન કરવામાં આવતાં અરજણભાઈ માલજીભાઈ પટેલે વર્ષ ૨૦૦૬માં દહેગામ સિવિલ કોર્ટમાં દાવો કરી મનાઈ હુકમ મેળવ્યો હતો. જે અરજી સુપ્રીમ કોર્ટમાં પણ દાખલ કરવામાં આવી હતી. જે સુપ્રીમ કોર્ટે રદ કરીને દહેગામ કોર્ટમાં ચાલતો દાવો ઝડપથી ચલાવતા હુકમ કર્યો હતો.

ગાંધીનગર સિવિલ કોર્ટમાં કેશ ચાલી રહ્યો હતો દરમિયાન ટ્રીબ્યુનલ દ્વારા ૧૮ ઑકટોબર ૨૦૧૨ અને ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ આદેશ કરી પોલીસ રક્ષણ પૂરૂં પાડી આ મિલ્કતનો કબ્જો લેવાનો હુકમ કરવામાં આવતા અરજદાર નિતાબેને ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી હતી. તા. ૪ મેના રોજ નિતાબેન દ્વારા ગાંધીનગર સિવિલ કોર્ટ દ્વારા ડીએસપી અને ઈન્સ્પેક્ટર દહેગામને પક્ષકાર તરીકે જોડીને તેમની નોટીસ કાઢવાની અરજી આપવામાં આવી હતી. અરજીની સુનાવણી થતાં ગાંધીનગર સિવિલ કોર્ટ ગાંધીનગર એસપી અને દહેગામ પી.આઈ.ને કારણ દર્શક નોટીસ ફરમાવવામાં આવી, તેમજ દાવાના કામે પક્ષકાર તરીકે કેમ ન જોડવા તેનો ખુલાસો જણાવવા અને ૧૦મી મેના રોજ કોર્ટમાં હાજર રહેવાનું ફરમાન ગાંધીનગર સિવિલ કોર્ટે કર્યું છે.

સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં

સુરક્ષા સમિતિ દ્વારા ગુનાખોરી અટકાવવાનાં પ્રયાસો શરૂ કરાયા

અમદાવાદ, તા. ૫

ગુજરાત પોલીસ દ્વારા પ્રજાની સાથે રહી ગુનાખોરી અટકાવવા તેમજ પોલીસ અને પ્રજા વચ્ચે સુમેળ સાધવા સુરક્ષા સેતુ સમિતિ રચવામાં આવી છે. આ સમિતિઓ બનાવવાનું શહેરનાં દરેક પોલીસ સ્ટેશનમાં શરૂઆત થઈ ગઈ છે.

શહેરનાં સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. આ સમિતિગઠનમાં સંયુક્ત પો. કમિશ્નર અજય તોમર, ડીસીપી ઝોન-૨, એલ.એન. મિનામાએ સમિતિનાં સભ્યોને આ સુરક્ષા સેતુ સમિતિ વિશે માહિતી આપી હતી. સમિતિમાં સભ્યોએ કઈ રીતે કામગીરી કરવી, શું કામગીરી કરવી, કઈ રીતે ગુનાખોરી અટકાવવી તેમજ ગુનેગારો વિશે માહિતી આપવી વગેરે બાબતોનું માર્ગદર્શન આપવવામાં આવ્યું હતું. પોલીસ સ્ટાફમાં સ્ત્રીઓને ગૃહ વ્યવસાય કરવામાં મદદરૂપ કઈ રીતે બનવું તેમજ કોઈપણ પ્રકારની મદદ કરવી.

પોતાના વિસ્તારની શાળા-કોલેજનાં પ્રિન્સિપાલો તેમજ સામાજીક સંસ્થાઓના સહકારથી છોકરીઓને સ્વબચાવની તાલીમ આપવામાં આવે. સ્ત્રી સભ્યો દ્વારા સ્ત્રીઓ પર થઈ રહેલા અત્યાચારને અટકાવવામાં આવશે તેમજ પોલીસ તેમાં સહકાર કરશે. દારૂનાં વ્યવસાય સાથે સંકળાયેલા ભુટલેગરોને સુરક્ષા સેતુ સમિતિ તેમજ સામાજીક સંસ્થા દ્વારા તેમ અન્ય પ્રવૃત્તિમાં જોડાવવામાં મદદ કરશે. માર્ગદર્શન આપતાં અજય તોમરે જણાવ્યું હતું કે વિસ્તારમાં થતી ઘરફોડ ચોરીઓ, ચેઈન સ્નેચીંગ, લુંટ વગેરે અટકાવવા માટે પ્રજાની જાગૃત કરવી તેમજ કોઈપણ ગુનેગાર વિશે પોલીસને માહિતી આપવી.

સામાજીક સંસ્થાઓ તેમજ પોલીસની મદદથી પોતાના બાળકોને ગુનાખોરીમાં જતા અટકાવવા તેમજ સારી પ્રવૃત્તિઓમાં જોડવાની બાબતો વિશે માર્ગદર્શન આપ્યું હતું. પ્રજાની સામે જે પોલીસની છાપ છે. તેવી વધુ સારી બનાવવાનાં પ્રયાસો હાથ ધરવામાં આવશે. આ સુરક્ષા સેતુ સમિતિ દ્વારા સાબરમતી વિસ્તારમાં વધુ ગુનાખોરી અટકે તેમજ પોલીસ અને પ્રજા વચ્ચે સારો સુમેળ રહે તેવા પ્રયાસો થાય તેવા હાથ ધરાયા હતા.

થલતેજ–સોલા રોડ પરનો બનાવ

કારચાલકે બાઈકસવાર દંપત્તિને અડફેટ લેતા એક વૃદ્ધનું મોત

અમદાવાદ, તા. ૫

અમદાવાદ શહેરમાં બેફામ રીતે કાર ચલાવી કારચાલોક લોકોની જીંદગી છીનવી લે તે હવે સામાન્ય બાબત બની ગઈ હોય તેમ લાગે છે.

શહેરના શીલજ રોડ પર આવેલા બાગબાન પાર્ટી પ્લોટ પાસે ગઈકાલે સવારે એક હોન્ડા સિવિક કારચાલકે એક બાઈસવાર દંપતીને અડફેટે લેતાં બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેમની પત્નીને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલીક સારવાર અર્થે સાલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં કારચાલકને પણ ઈજા થતાં તેને પણ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ પોલીસને થતાં તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરનાં બોપલ વિસ્તારનાં પરિક્રમા એપાર્ટમેન્ટ ખાત `રહેતા રક્ષીતભાઈ મહેતા (ઉ.૫૩) તેમજ તેમની પત્ની ગીરાબેન મહેતા ગઈકાલે સવારે તેમના બાઈ પર થલતેજથી સોલા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન શીલજમાં બાગબાન પાર્ટી પ્લોટ પાસે એક હોન્ડા સ્વિક કાર નં. જીજે-૧-કે.એફ-૪૮૨૮ પૂરપાટ ઝડપે આવી હતી અને બાઈકચાલક દંપતીને અડફેટે લીધા હતા. જેમાં રક્ષિતભાઈ મહેતાનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. તેમની પત્ની ગીરાબેનને ગંભીર ઈજાઓ થતાં સાલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

કારચાલકને પણ ઈજાઓ પહોંચતા તેને સાલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ પોલીસને કરાતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને પોલીસે તપાસ કરતા કારચાલરનુ ંનામ સુધીર સુરેન્દ્રભાઈ ગોયલ (રહે. સેક્ટર -૯, કલ્હાર બંગ્લોઝ, બોપલ) હોવાનું જાણવા મળ્યું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર અકસ્માત એટલો ગંભીર હતો કે જોરદાર ધડાકો થયો હોય તેમ અવાજ આવ્યો હતો અને કારચાલક પણ ઈજાગ્રસ્ત થયો હતો. પોલીસે હાલ આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧

સૂર્યાસ્ત : ૬.૫૯

તાપમાન

મહત્તમ : ૪૩.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૨૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૨૫

છોટા ભીમ : ૧૨.૩૦, ૫.૩૦

: સ્ક્રીન-૨ :

આશકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

બોમ્બે ટોકીસ : ૧૨.૧૫, ૫.૩૦, ૧૦.૩૫

: સ્ક્રીન-૩ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૯.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,

આશીકી-૨ : ૧૨.૦૦

સૂર્યા, વાવોલ

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીત ઝૂકે નહીં સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

શૂટઆઉટ એટ વડાલા: ૯.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૩૦, ૬.૩૦, ૯.૩૦

આઈરોન મેન-૩ : ૧.૧૫, ૪.૦૦

: સ્ક્રીન-૩ :

આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૧૦.૩૦

ચિરાગ, કલોલ

ગોરી મેં તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : સામાજિકક્ષેત્રમાં સફળતાનો યોગ. આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે.

વૃષભ : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મળવાની સંભાવના છે. આર્થિક સ્ત્રોતમાં વૃદ્ધિના કાર્ય થશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

મિથુન : નોકરીમાં અધિકારીઓથી વિવાદ થઈ શકે છે. આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

કર્ક : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : સુખ- સુવિધા, પદ-પ્રતિષ્ઠામાં વધારો થશે. ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

કન્યા : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

તુલા : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

ધન : સામાજિ કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીની સ્થિતિ મજબૂત રહેશે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : સંઘર્ષપૂર્ણ વાતારણમાં કાર્ય કરવું પડશે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવનમાં પણ કમી આવવાની શકયતાઓ છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

મીન : નિર્ણય લેવામાં દુવિધા થશે, જેથી કાર્યની ગતિ પ્રભાવિત થશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. સોમભાઈ વસરામભાઈ પંડ્યા (ઉ.વ. ૭૩) પ્લોટ નં. ૬૫/૨, સેક્ટર-૩/ન્યુ, ગાંધીનગર.
- સ્વ. મંજુલાબેન વજલાલ બ્રહ્મભટ્ટ (ઉ.વ. ૮૨) પ્લોટ નં. ૮૭૦/૧, સેક્ટર-૫/સી, ગાંધીનગર.